બ્રેકરમાં જોખમ

કેથરીન એ. વેલ્ચ

ચિત્ર: એન્ડ્રિયા શાઇન



બ્રેકરમાં જોખમ

કેથરીન એ. વેલ્ચ
ચિત્ર: એન્ડ્રિયા શાઇન

લેખકની કલમથી

૧૮૦૦ ના દાયકા દરમિયાન દક્ષિણપૂર્વ પેન્સિલવેનિયાના કોલસાના ખાણકામ નગરોમાં જીવન સરળ નહોતું. ખાણો અંધારી, ઉંદરોથી ભરેલી, ગંદી, ઘણીવાર ભીની અને અત્યંત જોખમી હતી. પુરુષ કામદારો ૧૦ થી ૧૧ કલાક કોલસો ખોદવામાં વાંકા વળેલા રહેતા, દરેક શ્વાસ સાથે ઝેરી વાયુઓ અને કોલસાની ધૂળ શ્વાસમાં લેતા. તેમાંના ઘણા આગ, સુરંગ ધરાશાયી થવી અને વિસ્ફોટો જેવી દુર્ઘટનાઓને લીધે મૃત્યુ પણ પામતા હતા.

ઘણા ખાણકામ નગરો કોલસા કંપનીઓ દ્વારા સંચાલિત હતા. આ કંપનીઓ કામદારોને હલકી ગુણવત્તાવાળા રહેઠાણ પૂરા પાડતી હતી અને ઘણીવાર તેમને તેમનો સંપૂર્ણ પગાર ચૂકવતી ન હતી. ખાણકામ કરનારાઓના પરિવારોને કંપની સ્ટોર્સમાંથી માલ ખરીદવાની અને ઊંચા ભાવ ચૂકવવાની ફરજ પાડવામાં આવતી હતી. પરિણામે, કેટલીક મહિલાઓને વધારાની આવક મેળવવા માટે ફેક્ટરીઓમાં કામ કરવું પડતું હતું.


સ્ત્રીઓને પોતાના ઘરો સ્વચ્છ રાખવાનું પણ મુશ્કેલ કામ હતું. આ શહેરોમાં, બધા ઘરો કોલસાની ધૂળથી ભરેલા હતા, અને પાણીની પણ તંગી હતી. મોટાભાગના કામદારોના ઘરોમાં નળનો અભાવ હતો, તેથી સ્ત્રીઓને ધોવા, સફાઈ કામ કરવા અને નહાવા માટે પાણી લાવવામાં કલાકો પસાર કરવા પડતા હતા. ઉનાળાના મહિનાઓમાં, ઘરની પાછળ બાંધેલા શેડનો ઉપયોગ રસોઈ અને નહાવા માટે થતો હતો.

ખાણની બહાર એક ઇમારતમાં (જે બ્રેકર {કોલસા તોડવાનું મશીન} કહેવાતી) - કોલસાને તોડી, ધોલાઇ કરી અને કદ પ્રમાણે વર્ગીકૃત કરવામાં આવતા હતા. 16 વર્ષના છોકરાઓ, કેટલાક 8 કે 9 વર્ષના છોકરાઓ, વર્ગીકરણ રૂમમાં કામ કરતા હતા. તેઓ પણ કોલસાને અલગ કરતી વખતે હાનિકારક હવા શ્વાસમાં લેતા હતા. આ "બ્રેકરબોય" અઠવાડિયામાં છ દિવસ, માત્ર 45 સેન્ટમાં 10 થી 11 કલાકની શિફ્ટમાં કામ કરતા હતા.

કેટલાક છોકરાઓ ખાણોમાં "ડોરબોય" તરીકે પણ કામ કરતા હતા. તેઓ અંધારામાં એકલા બેસીને ભૂગર્ભ ટનલને જોડતા દરવાજા પાસે કોલસાના ગાડા અને ખાણકામ કરનારાઓના ગાડાની રાહ જોતા હતા. ડોરબોય ખાણમાં હવાના પ્રવાહને નિયંત્રિત કરતા દરવાજા ખોલતા અને બંધ કરતા હતા. જો દરવાજા ઝડપથી બંધ ન કરવામાં આવે, તો ખાણમાં ઘાતક વાયુઓનું પ્રમાણ વિસ્ફોટનું કારણ બની શકતું હતું. તેથી, દરેકની સલામતી ડોરબોય તેમનું કામ યોગ્ય રીતે કરે છે તેના પર નિર્ભર હતી.

કોલસા ખાણકામ કરનારાઓના પરિવારોએ સમાન મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. પરંતુ તેમની જાતિ અને ધાર્મિક પૃષ્ઠભૂમિ અલગ હતી. તેથી, એકબીજાને મદદ કરવાને બદલે, તેઓ એકબીજા સાથે લડતા અને ઝઘડતા. આમ હોવા છતાં, તેઓ ખાણ અકસ્માત અથવા ઘરમાં આગ લાગવા જેવી આપત્તિના સમયે મદદ કરવા માટે ભેગા થઈ જતા. એવા સમય પણ આવતા હતા જ્યારે તેઓ તેમના મતભેદોને બાજુ પર રાખતા અને સપ્તાહના અંતે બેઝબોલ રમતો અથવા ઉનાળાની પિકનિકનો આનંદ માણતા. વર્ષોથી, તેઓ એ શીખ્યા કે તેમની કામ કરવાની અને રહેવાની સ્થિતિમાં સુધારો કરવાનો એકમાત્ર રસ્તો સાથે જોડાવાનો છે.

' ડેન્જર ઇન ધ બ્રેકર્સ' એ એક કાલ્પનિક વાર્તા છે જે એક ખાણિયાના પુત્રના જીવનના એક અસામાન્ય દિવસ વિષે છે, જે દિવસે એણે બ્રેકરબોય તરીકે કામ કરાવવાનું શરુ કર્યું.



એન્ડ્રુ ચુપકીદીથી નબળી હાલતવાળી રસોડાની ઓરડી પાસે આવ્યો અને ઉભો રહ્યો.

એણે એનો કાન એના જર્જરિત દરવાજા પર લગાવ્યો.

એણે એની માઁ અને ડેડીને વાતચીત કરતા સાંભળ્યા.

"મેં આજે કમ્પનીની દુકાનમાં

વધારે બેરી વેચી," માઁ એ કહ્યું.

"થોડા વધારે સિક્કા, અને એન્ડ્રુને સ્કૂલ માટે નવા કપડાં મળી શકશે."






"એન્ડ્રુ હવે સ્કૂલ
નહીં જાય," એના ડેડીએ કહ્યું.
"શેઠે કહ્યું છે કે એને માટે બ્રેકરબોય
તરીકે કામ કરવાનો મોકો છે."
એન્ડ્રુની માઁ એ ગુસ્સામાં આવીને જોરથી
કીટલીને ચૂલા પર પછાડી.
"પણ એન્ડ્રુ બહુ નાનો છે!" એણે રાડ પાડી.
"એ ફક્ત આઠ વરસનો છે."

"હું જાણું છું," એન્ડ્રુના ડેડીએ કહ્યું.
"તું સાચું કહી રહી છે. એ ખરેખર બહુ નાનો છે.
એ બ્રેકરમાં સૌથી નાનો છોકરો હશે.
પણ શેઠે કહ્યું છે કે અત્યારે જ એક જગ્યા ખાલી છે.
અને આપણે પૈસાની જરૂર તો છે જ.
મને પણ અફસોસ છે. પણ હું એન્ડ્રુને કહેવાનો છું
કે એ કાલથી જ કામ શરુ કરે."




એ રાતે એન્ડ્રુને સૂવામાં મુશ્કેલી થઇ.
એ વિચારવા લાગ્યો કે એના ડેડીનું કામ ઘણું ખરાબ હશે.
એ હંમેશા ઘરઘરાટી કરતી ઉધરસ
સાથે, અને કોલસાની ધૂળથી ઢંકાયેલા,
ઘરે આવતા હતા.
એની માઁ ને એની દુખતી પીઠને
રોજ રાતે રગડી-રગડીને સાફ કરવી પડતી હતી.



વાતચીત બંધ થઇ ગઇ.
ફર્શના લાકડાના પાટિયાંમાંથી ચરચરાટ અવાજ આવ્યો.
કોઈ દરવાજા પાસે આવી રહ્યું હતું.
એન્ડ્રુ એક ઝાડી પાછળ કૂદ્યો.
દરવાજો ધડ કરતો ખુલ્યો
અને એની માઁ રડતી-રડતી બહાર આવી.
એન્ડ્રુએ એને ઉઘાડા પગે
પથ્થરો પર લથડતા જોયા.
અમને પૈસાની જરૂર તો છે, એણે વિચાર્યું.
પણ શું મને બ્રેકરબોય બનવાનું ગમશે?

એન્ડ્રુએ એ વિષે વિચાર્યું
જે એના ડેડીએ કહ્યું હતું.
"એ બ્રેકરમાં સૌથી નાનો છોકરો હશે!"
એન્ડ્રુના કોઇ પણ મિત્રે હજી સુધી
બ્રેકરમાં કામ કરવાનું શરુ કર્યું ન હતું.
અને એ ત્યાં કોઈને જાણતો પણ નહીં હોય.
આ વિચારોએ એન્ડ્રુને
પડખાં ફેરવતા જાગતો રાખ્યો.





સવાર બહુ જલ્દી થઇ ગઇ.
ત્યારે અંધારું જ હતું
જયારે એન્ડ્રુ બ્રેકરની
સીટીથી જાગ્યો.
એણે એના કપડાં પહેર્યાં
અને થોડું ઓટમીલ ઝડપથી ગળી ગયો.
જવાનો સમય થઇ ગયો હતો.

એન્ડ્રુ અને એના ડેડી ચુપચાપ
ધુમ્મસવાળી પગદંડી પર આગળ ચાલ્યા.
એન્ડ્રુના ડેડીએ એક ઊંચી અને વાંકી-ચુકી ઇમારત
તરફ ઈશારો કર્યો જે ખાણની બહાર હતી.
"એ બ્રેકર છે," એ બોલ્યા.
"તું ત્યાં જ કામ કરીશ."
એન્ડ્રુએ ઇમારતને જોઈ.
એણે બ્રેકરમાં કામ કરતા છોકરાઓને પણ જોયા.
એ ફૂટબોલ રમી રહ્યા હતા.
"તું પેલી બાજુ જા," એના ડેડીએ કહ્યું.
"હું તને પછી મળીશ."
એન્ડ્રુએ એના ડેડીને આગળ વધતા જોયા.
એ એને ત્યાં સુધી જોતો રહ્યો
જ્યાં સુધી એ એની કોદાળી અને ફાવડા સાથે
જમીન નીચે ગાયબ ન થઈ ગયા.





ત્યાં અચાનક - જોરદાર ફટકો!

એણે એની પીઠ પર એક જોરદાર ફટકાનો અનુભવ કર્યો.

"મારુ નામ પેટ્રિક છે,"

એક ઘેઘૂર અવાજે કહ્યું.

"પેટ્રિક કેલી!"

એન્ડ્રુથી બમણાં આકારના એક છોકરાએ કહ્યું.

પેટ્રિકની પાછળ એક ડઝન બીજા છોકરા હતા.

એ બધા એન્ડ્રુને ઘેરીને ઉભા રહ્યા.



એન્ડ્રુ એના પગ તરફ જોવા લાગ્યો.

જમીન પર કોલસાની ધૂળની

મોટી ચાદર પથરાયેલી હોય એવું લાગતું હતું.

પેટ્રિક એન્ડ્રુની વધારે પાસે ઝૂક્યો.

"હું અહીં સૌથી વધારે સમયથી છું,"

એણે એન્ડ્રુને જણાવ્યું.

"હું ખાણ વિષે બધું જાણું છું."

એન્ડ્રુએ પેટ્રિકના હાથોને જોયા.

એના હાથ પર ઉઝરડા અને મારના નિશાન હતા.

પેટ્રિક સીધો એન્ડ્રુની
આંખોમાં ઝાંકી રહ્યો હતો.
"તને ખબર છે કે જો તેં
સુસ્તીથી કામ કર્યું તો એ લોકો
તને ખાણની સુરંગોમાં મોકલી દેશે."
એન્ડ્રુ અસ્વસ્થતાથી મરડાયો અને
એણે એના પગ કોલસાની ધૂળમાં ખોસ્યા.
"શું તું ક્યારેય નીચે સુરંગોમાં ગયો છે?"
પેટ્રિકે એન્ડ્રુને ફૂટબોલથી ઘોંચતા પૂછ્યું.
એન્ડ્રુએ ના માં માથું ધુણાવ્યું.
"તને ત્યાં જરાય ગમશે નહીં.
એ તને હજારો ફીટ નીચે લઈ જશે.
ત્યાં રાત જેવું ઘનઘોર અંધારું હોય છે,
અને સ્મશાન જેવી શાંતિ!
કેવળ તૂટતી ચટ્ટાનો, અને ટપકતા પાણીમાં
દોડતા ઉંદરોના અવાજો સંભળાય છે."





બકબક તરત બંધ થઇ ગઈ.

એક ગુસ્સે ભરાયેલો માણસ એમની તરફ આવ્યો.

"પેટ્રિક કેલી," એણે રાડ પાડી.

"આજે તું ડોરબોય છે.

ખાણ તરફ જા!"

પેટ્રિકનો ચહેરો ધોળી પૂણી જેવો થઇ ગયો.

એ ડગમગ પગલે આગળ ચાલ્યો,

જાણે એણે સીસાના બનેલા બૂટ પહેર્યા હોય.

અને જો ઉંદર તારી ઉપર કૂદે નહીં,

તો સુરંગ ધસી પડી શકે છે,"

બીજા એક છોકરાએ જોડયું.

"વિસ્ફોટ પણ થઇ શકે છે.


ગેસને લીધે મૃત્યુ થઇ શકે છે.

ખાણની સુરંગમાં પૂર આવી શકે છે

અને તું ડૂબી શકે છે."

બરાબર એ જ વખતે પેટ્રિકે એ છોકરાને કોણી મારી.

"ચૂપ કર. માલિક આવી રહ્યા છે."





"બાકી બધા મારી પાછળ આવો,"
બોસે ચીસ પાડીને કહ્યું.
એન્ડ્રુ પણ બાકી છોકરાઓ પાછળ ચાલી નીકળ્યો.
બ્રેકરમાં ઘુસવા પહેલા
બોસ એન્ડ્રુ તરફ ફર્યા.
"તું એન્ડ્રુ પુલાસ્કી છે?"
"જ-જ-જ-જી સાહેબ," એન્ડ્રુએ તોતડાતા જવાબ આપ્યો.

"તું બ્રાયનની બાજુમાં બેસીને કામ કરીશ," બોસે કહ્યું.
એણે એક છોકરાને બાંયથી પકડયો.
"આ તને છટણી કેવી રીતે કરવી એ શીખવશે."
એન્ડ્રુએ બ્રાયનને જોયો.
બ્રાયન એન્ડ્રુથી લાંબો હતો,
પણ ઉંમરમાં એનાથી બહુ મોટો નહીં.
એન્ડ્રુને એ મિત્રતાપૂર્ણ લાગ્યો.
બ્રાયને એન્ડ્રુને જોઈને સ્મિત કર્યું
અને કોણી મારીને એને ઇમારતમાં લઇ ગયો.



અંદર મશીનોના અવાજથી

બ્રેકર ધ્રુજી અને ગર્જના કરી રહ્યું હતું.

એ ખંડ એક મોટી ગુફા જેવો હતો,

અને ત્યાં બધું કોલસાની ધૂળને લીધે કાળું થઇ ગયું હતું.

બ્રાયન એન્ડ્રુને એક સાંકડા રસ્તાની નીચેથી સામાન

સરકાવવાના ઢાળ (શૂટ) ની બાજુમાં આવેલા લાકડાના બાંકડા સુધી દોરી ગયો.

"અહીં બેસ અને મને જો,"

એણે મશીનોના અવાજ વચ્ચે ચીસ પાડીને કહ્યું.

એ જ વખતે રૂમની ઉપર

તોફાન જેવો ગડગડાટ થયો.


એન્ડ્રુએ ઉપર જોયું.

કોલસાનો જથ્થો ઢાળવાળા પાટિયામાંથી

નીચે પડયો અને સરકતા પટ્ટા પર આગળ વધ્યો.

એન્ડ્રુએ જોયું કે રોલર કોલસાના મોટા ટૂકડાને ફોડતા હતા અને એને ઉછાળીને સ્ક્રીન (ચાળણી) માંથી પસાર કરતા હતા.

ટૂકડાઓ પાણીમાં ધોવાઈને પતરાની શીટના કાણાંમાંથી નીચે પડતા હતા.







આખરે કોલસાનો પ્રવાહ
સરકતી પટ્ટી પર ગબડતો
છોકરાઓ પાસે આવવા લાગ્યો.
બ્રાયન પટ્ટી પર ઝૂક્યો
અને સ્ફૂર્તિથી થોડા
ટૂકડા વીણીને કાઢ્યા.
"કોલસાના જે ચમકદાર ટૂકડા છે એને જવા દે,"
એણે એન્ડ્રુને કહ્યું.
"ભંગાર અને નિસ્તેજ દેખાતા ટૂકડાઓને વીણી લે.
એને પાસે રાખેલા ડબ્બામાં ફેંકી દે."

એન્ડ્રુએ હા કહેવા માટે ડોકું ધુણાવ્યું અને બ્રાયનની નકલ કરી.

કોલસા ખડખડાટ અવાજ કરતા પટ્ટીમાં નીચે આવી રહ્યા હતા.

એન્ડ્રુએ એના હાથ આગળ કર્યા.
એણે નકામા ટૂકડા શોધ્યા.
એટલામાં કોલસાનો બીજો પ્રવાહ આવ્યો
જેનાથી એના હાથ છોલાઈ ગયા.
એન્ડ્રુએ ઝડપથી નકામા ટૂકડા વીણ્યાં.
એણે એને ડબ્બામાં ફેંક્યા
અને એના હાથોને જોવા રોકાયો.
એના વેઢામાંથી લોહી નીકળી રહ્યું હતું.





"કામ કરતો રહે," બ્રાયને ઊંચા અવાજે કહ્યું.

"બોસ જોઈ રહ્યો છે!"

એન્ડ્રુએ આંખો ઉઠાવીને ઉપર જોયું.

કામ પરનો સુપરવાઈઝર સતત ધ્યાન રાખતા

ચોકીદાર કૂતરાની જેમ નીચે જોઈ રહ્યો હતો.

એન્ડ્રુએ ગભરાઈને એનો હાથ પટ્ટી તરફ આગળ કર્યો.

એની આંગળીઓ ગતિ જાળવી રાખવાનો પ્રયાસ કરી રહી હતી.

"કામ ઉપરથી નજર ક્યારેય ઉઠાવતો નહીં," બ્રાયને એને ચેતવણી આપી.

"એવું કરીશ તો તું તારી આંગળીઓ ખોઈ શકે છે."

આંગળી ખોઈ દેવી!

એ વિચારથી એન્ડ્રુને કંપારી છૂટી ગઈ.

એ એકધારા આગળ વધતા કોલસાના ટૂકડાઓમાં

થી નકામા ટૂકડાઓની છટણી કરવા લાગ્યો.

એણે ઉપર જોવાની કે કામ બંધ કરવાની હિમ્મત ન કરી.

એ એની કોઈ આંગળીને ખોવા ચાહતો ન હતો.

અને ધીમે કામ કરવા માટે સજા તરીકે સુરંગમાં જવા ચાહતો ન હતો.

સવાર અનંત લાગી રહી હતી.

કોલસાની ખડખડાટ અને મશીનોના

કાન ફાડી નાખે એવા અવાજોથી એન્ડ્રુનું શરીર કંપવા લાગ્યું હતું.

કોલસાની રાખોડી ધૂળના વાદળથી

એની આંખો બળતી હતી.

એનું નાક બંધ થઈ ગયું હતું.


એની આંગળીઓ જકડાઇ ગઈ હતી.

એકધારું ઝુકવાથી એની પીઠ દુઃખવા લાગી હતી.

કાશ કે હું પાછો સ્કૂલમાં હોત,

એન્ડ્રુએ વિચાર્યું, મારા મિત્રો સાથે.

રોજ અહીં આવવું મને જરાય ગમશે નહીં.








કલાકો પછી સીટી વાગી.
બપોરના બાર વાગ્યા હતા.
જમવાની રજાનો સમય થઇ ગયો હતો.
એન્ડ્રુ પાસે જમવા માટે પાઉંનો એક ટૂકડો હતો
જેના પર જેમ લગાવેલો હતો.
એ બહુ વધારે ન હતું.
પણ લાંબી સવાર પછી એ
સ્વાદિષ્ટ લાગવાનું હતું.
હાથમાં સવારના ભોજનની બાલદીઓ લઈને
પોતાના સ્થાન છોડીને જતા એન્ડ્રુ અને બ્રાયન
વાતો કરવા લાગ્યા.

"પેટ્રિક જે કહે એ બધા પર
ભરોસો કરતો નહીં," બ્રાયને સલાહ આપી.
"ધીમે કામ કરવાથી એ
ખાણમાં નથી મોકલતા.
પણ છટણી બોસનું ધ્યાન રાખજે.
એ નજર રાખે છે કે તું બધા નકામા
ટૂકડાને વીણે છે કે નહીં.
જો તું બરાબર કામ નહીં કર
તો એ તને લાત મારી શકે છે,
અથવા છડીથી મારી શકે છે. ક્યારેક
બહુ ગુસ્સો આવે તો એ હથોડીથી
તારા ઘૂંટણમાં ઈજા પહોંચાડી શકે છે."

અચાનક એક
વિસ્ફોટના અવાજે આખા વિસ્તારને હલાવી નાખ્યો.
વ્હી! વ્હી!
બ્રેકરની સીટી વાગી.
બધા ઇમારતની બહાર દોડયા.
પણ એન્ડ્રુ હલ્યો પણ નહીં.
એને ખબર ન હતી કે એણે શું કરવાનું છે.
બ્રાયને એની બાંય પકડી.
"ચાલ જલ્દી," એણે ચીસ પાડી.
બહાર બધા લોકો અહીં-ત્યાં દોડી રહ્યા હતા.
કાર્યકર્તાઓ સ્ટ્રેચર લઈને
દુર્ઘટનાસ્થળ તરફ દોડયા.
થોડા મજુર ખાણમાંથી લથડતા, ઉધરસ ખાતા
અને ઊંડા શ્વાસ લેતા બહાર નીકળ્યા.
એક ઘોડો કોલસાનો છકડો ખેંચી રહ્યો હતો.
એ માણસોની પાછળ લંગડાતો ચાલી રહ્યો હતો,
અને અચાનક ધરતી પર પડી ગયો.



ગભરાયેલા બ્રેકરબોય્સ એકબીજાની નજીક ભેગા થઇ ગયા.

એ બધું જોઈ રહ્યા હતા, અને રાહ જોઈ રહ્યા હતા.

ખાણમાંથી બીજા થોડા લોકો

લથડિયાં ખાતા બહાર નીકળ્યા.

એમાં પેટ્રિક પણ હતો.

એ ધૂળ-માટીથી ખરડાયેલો હતો.

"આખરે થયું શું?"

સીટીના અવાજ વચ્ચે

બ્રાયને ચીસ પાડીને પૂછ્યું.

"મેં કોલસાથી ભરેલા છકડાને

બહાર કાઢવા દરવાજો ખોલ્યો,"

પેટ્રિકે જણાવ્યું.

"ત્યાં અચાનક એક ધડાકો થયો,"

પેટ્રિકે હાંફતા-હાંફતા કહ્યું.

એણે લથડિયું ખાધું અને ધરતી પર પડી ગયો.

"હું ક્યારેય ત્યાં પાછો નહીં જાઉં."

બે છોકરાઓએ પેટ્રિકની મદદ કરી.

એન્ડ્રુ અને બ્રાયન ધીમેથી સરકીને ખાણ તરફ ગયા.



એન્ડ્રુએ એના ડેડીને શોધ્યા.

એને એ ક્યાંય દેખાયા નહીં.

જો ડેડી અંદર ફસાઇ ગયા હશે તો? એન્ડ્રુએ વિચાર્યું.

એ કચડાઇ શકે છે, અથવા ડૂબી શકે છે,

અથવા ગેસને લીધે મરી શકે છે.

એનું માથું ભમવા લાગ્યું

અને ઘૂંટણ કંપવા લાગ્યા.

એ લપસ્યો અને ધરતી પર બેસી પડયો.

ત્યાં સુધીમાં ખાણીયાઓની પત્નીઓ પણ

દોડીને આવવા લાગી હતી.

થોડી પોતાના શિશુઓને તેડીને આવી હતી.

થોડી એના બાળકોના હાથ ઝાલીને એને ઘસડતાં લઇ આવી હતી.

એન્ડ્રુની માઁ પણ એમાં સામેલ હતી.

એન્ડ્રુનું હૃદય વધારે ઝડપથી ધડકવા લાગ્યું.

એ મહા મહેનતે ઉભો થયો

અને માઁ પાસે દોડયો.

"ડેડી હજી પણ નીચે છે," એ રડતા-રડતા બોલ્યો.





એ જ સમયે બ્રાયને એક ખાણ મજૂરને

સ્ટ્રેચર પર લઈ જતા જોયા.


બ્રાયન એની તરફ દોડયો, એન્ડ્રુ અને એની માઁ
પણ એની પાછળ ગયા.

સ્ટ્રેચર પર એન્ડ્રુના ડેડી હતા.

એના ચહેરા પર ઇજા થઈ હતી અને એના કપડાં
ફાટી ગયા હતા.

"મારા પતિ," એન્ડ્રુની માઁ એ રડતા-રડતા પૂછ્યું,

"પુલાસ્કી, શું તમે એને જોયા છે?"



બ્રાયનના ડેડીએ નકારમાં માથું ધુણાવ્યું.

"એ મારી નીચેની સુરંગમાં હતા.

ઇમારતના લાકડાના ટેકા ધડામ દઈને
નીચે તૂટી પડયા અને છતનો એક ભાગ
અંદરની બાજુ બેસી પડયો.

એ બહાર નીકળ્યા જ નથી."

એન્ડ્રુ અને એની માઁ રાહ જોતા રહ્યા.

નીચે ઊંડી સુરંગોમાં કામગાર ફાવડા અને કોદાળીથી

ફસાયેલા ખાણ મજૂરોને

કાઢવાની કોશિશ કરી રહ્યા હતા.

ફસાયેલા માણસો માટે સમય બહુ ઓછો હતો.

થોડા સમયમાં હવા ખલાસ થઇ જવાની હતી.

પરંતુ બેદરકારીપૂર્વક અથવા ખુબ જ ઉતાવળમાં કામ કરવાથી

કોઇ બીજી સુરંગ ધસી શકતી હતી.

કલાકો વીત્યા.

અંધારું થઇ ગયું.

સીટી બંધ થઇ ગઇ હતી.

ખાણમાંથી કોઇ બહાર ન આવ્યું.


ખાણની બહાર ઘોંઘાટ અને ધમાલ

બંધ થઇ ગયા હતા.


એન્ડ્રુએ એ વાત પર વિચાર્યું

જે પેટ્રિકે એને પહેલા કહી હતી,

"મૃત્યુ જેવી શાંતિ!"




આખરે થોડા ખાણીયા નબળાઈપૂર્વક લંગડાતા
ખાણમાંથી બહાર નીકળ્યા.
એન્ડ્રુ ઉભો થઇ ગયો.
એણે પહેલા એક માણસને જોયો.
એ એના ડેડી ન હતા.
પછી બીજાને.
એ પણ એના ડેડી ન હતા.
ત્રણ બીજા લોકો નીકળ્યા.
એમાંના કોઈ એના ડેડી ન હતા.
એન્ડ્રુએ એક કોમળ સ્પર્શનો અનુભવ કર્યો.
"ઘરે જવાનો સમય થઇ ગયો છે, દીકરા,"
એની માઁ એ કહ્યું.





ધીમે-ધીમે એન્ડ્રુ અને
એની માઁ ઘરે પાછા ફર્યા.
એ ચૂપ હતા.
એન્ડ્રુની માઁ એના નહાવાની તૈયારી
કરવા માટે શેડમાં ગયા.




એન્ડ્રુ સામેની બારી પાસે જઇને બેઠો.
અંધારું એટલું ગાઢ હતું કે
બહાર ખાસ કંઈ દેખાતું ન હતું.
પણ એન્ડ્રુ એકધારું બહાર જોતો રહ્યો અને આશા કરતો રહ્
થોડી વાર પછી માઁ એ અવાજ કર્યો,
"નહાવાનું પાણી તૈયાર છે."



એન્ડ્રુ બારી પાસેથી ખસવાનો જ હતો.
પણ થોભો, એણે વિચાર્યું.
મને લાગે છે કે મને કંઇ દેખાયું છે.
એન્ડ્રુએ અંધારામાં શોધવાની કોશિશ કરી.
ત્યાં કંઈક હતું.
એને એક ધૂંધળી રોશની દેખાણી.
પગદંડી પર એક માણસ આવી રહ્યો હતો.

એ માણસે ખાણના મજૂરની ટોપી પહેરી હતી.
શું એ એના ડેડી હોઇ શકે છે? એન્ડ્રુએ વિચાર્યું.
રોશની થોડી વધારે તેજ થઇ.
"ડેડી આવી રહ્યા છે!" એન્ડ્રુએ ચીસ પાડી.
"ડેડી આવી રહ્યા છે!"



બીજે દિવસે,
એન્ડ્રુ ખાણ પાસે ફરી ગયો,
એના ડેડીની સાથે.
અને આગળ ઘણા વર્ષો સુધી
એન્ડ્રુ બ્રેકરબોય તરીકે કામ કરતો રહ્યો.
પણ પહેલે દિવસે જે ઘટ્યું હતું,
એ ક્યારેય ભૂલી શક્યો નહીં.
એ ક્યારેય અવાજ, ધૂળ-માટી
અથવા જોખમથી ટેવાયો નહીં.
પણ એનું કામ કંઈક એવું હતું જે એણે કરવાનું જ હતું.
કારણકે ઘણા વર્ષો પહેલા એ કામ
એક ખાણીયા મજૂરના દીકરાનું જીવન હતું.

